સ્વિફ્ટ ગાડીની અડફેટથી માનસિક અસ્થિર વૃદ્ધનું મોત

ધણપ ગામના પાટીયા પાસે હાઈવે પર સવારે અકસ્માત સર્જાયો હતો : સ્વિફ્ટચાલક ફરાર

ગાંધીનગર, તા. ૧૫

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી બેફામ ગતિએ આવતી સ્વિફ્ટ ગાડીએ ધણપ ગામના પાટીયા પાસે હાઈવે ક્રોસ કરી રહેલા માનસિક અસ્થિર વૃદ્ધને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયા હતા. તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા બાદ હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ વૃદ્ધને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. ચિલોડા પોલીસ ફરાર થઈ ગયેલા સ્વિફ્ટ ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામની સીમની આસપાસના વિસ્તારમાં છેલ્લા ઘણા મયથી આમ તેમ ફરતા માનસિક રીતે અસ્થિત ૫૦ વર્ષીય વૃદ્ધ આજે સવારના અરસામાં હાઈવે ઓળંગી રહ્યા હતા. દરમ્યાન હિંમતનગર-ચિલોડા હાઈવે પુરપાટ ઝડપે આવી રહેલ સ્વિફ્ટ ગાડી નં. જીજે-૧-કે.જે.૪૩૧૩ નાચાલકે વૃદ્ધને અડફેટે લઈ લીધા હતા. આ અકસ્માતમાં વૃદ્ધને માથે અને હાથે-પગે ગંભીર ઈજાઓ થતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. હાલત ગંભીર જણાતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં સારવાર દરમ્યાન તેમનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. ચિલોડા પોલીસે સ્વિફ્ટ કારના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરીને કારના નંબરને આધારે તેને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પરિણિતાના ગળામાંથી મંગળસૂત્ર ખેંચીને ભાગેલો શખ્સ ઝડપાયો

સેક્ટર-૧૬માંથી ઘ-૪ તરફ ચાલવા નિકળ્યા ત્યારે પલ્સર પર બે શખ્સો આવ્યા હતા : એલસીબીએ એકની ધરપકડ કરી : એક ફરાર

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં ચેઇન સ્નેચીંગના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે આ ગુનાઓને નિયંત્રીત કરવા જિલ્લા પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે. ગઇ મોડી સાંજે જમી પરવારીને સેક્ટર-૧૬માં રહેતી પરિણીતા તેણીના પિતા સાથે ઘ-૪ ગાર્ડન તરફ ચાલવા નીકળી હતી તે દરમિયાન પલ્સર બાઈક લઇને આવેલા બે શખ્સે તેની પાસે આવીને મંગળસૂત્ર આંચકી ગયા હતા. બુમાબુમ થતાં પેટ્રોલીંગમાં રહેલી એલ.સી.બી. પોલીસે પીછો કરીને બાઈકના નંબરને આધારે રાંદેસણના યુવાન શખ્સની ધરપકડ કરી લીધી છે અને તેના સાથીદારનો નામ-પત્તો મેળવવા સઘન પૂછપરછ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૧૬, છ-ટાઈપ, બ્લોક નં. ૧૨/૨ ખાતે રહેતી પરિણીતા ભાગ્યશ્રીબેન અમીતકુમાર પરમાર ગઈસાંજે જમી-પરવારીને ઘ-૪ સર્કલ તરફ પિતા સાથે ચાલવા નીકળી હતી. પૂર્ણિમા હોટલની પાછળના રસ્તેથી ચાલતા જઇ રહ્યા હતા તે દરમિયાન પલ્સર બાઈક પર આવેલા બે શખ્સે તેણીની નજીક આવ્યા અને સવા તોલા વજનનું મંગળસૂત્ર આંચકી બાઈક લઈને ભાગ્યા હતાં. બુમાબુમ થતાં પેટ્રોલીંગમાં રહેલી એલ.સી.બી. પોલીસે તે બાઈકનો પીછો કર્યો હતો અને નંબર નોંધી લીધો હતો. રોંગ સાઈડમાં ઘૂસી જઈને પૂરપાટ ઝડપે નીકળી જતાં પકડાયા ન હતાં. જોકે એલ.સી.બી.એ પલ્સર બાઈક નં. જીજે-૧૮-એ.એલ.-૩૬૭૭ને આધારે ડીટેઈલ નિકાળી રાંદેસણથી વિપુલસિંહ જુજારસિંહ ગોહિલને ઝડપી પાડ્યો હતો. તેનો બીજો સાથીદાર કોણ હતો તે સહિતની વિગતો મેળવવા અને અગાઉ કોઇ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે સહિતની વિગત બહાર લાવવા સેક્ટર-૨૧ પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે. વિપુલસિંહને પકડીને સેક્ટર-૨૧ પોલીસનેએલ.સી.બી.એ સોંપતા સેક્ટર-૨૧ પી.એસ.આઈ. આર. આર. રાઠવાએ સઘન પૂછપરછ શરૂ કરી છે.

ભત્રીજાને છોડાવવા પહોંચેલા વકીલની પોલીસ કામગીરીમાં રૂકાવટ બદલ ધરપકડ

રાત્રે અઢી વાગે એલ.સી.બી. પહોંચેલા વકીલ સહિત બે વિરુદ્ધ ગુનો દાખલ

ચેઇન સ્નેચીંગના ગુનામાં ગાંધીનગર એલ.સી.બી. પોલીસે રાંદેસણના વિપુલસિંહ ગોહિલ નામના શખ્સની ધરપકડ કરી લીધી હતી. આ શખ્સના કામમાં એડવોકેટ અજિતસિંહ રણજિતસિંહ ગોહિલ અને રાજેન્દ્રસિંહ જવાનસિંહ ગોહિલ રાત્રે અઢી વાગ્યે ભત્રીજાને છોડાવવા માટે ગાંધીનગર એલ.સી.બી. ઓફિસ પહોંચી ગયા હતા અને એલ.સી.બી.ની ટીમ કાગળો કરતી હતી તે દરમિયાન ભત્રીજાને કેમ ઉઠાવી લાવ્યા છો? ખોટો કેસ કરી નાંખ્યો છે તેમ બુમાબુમ કરીને પોલીસની કામગીરીમાં રૂકાવટ રૂપ બનવા બદલ એ.એસ.આઈ. અંબાલાલની ફરીયાદને આધારે કલમ-૧૮૬ મુજબ વકીલ અજિતસિંહ સહિત બે વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરી લેવામાં આવી હતી.

ખોરજ કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર

નંદાસણનો યુવાન પાંચ દિવસ પહેલા ઘરેથી ચોટીલા જવાનું કહીને નીકળ્યો હતો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક ખોરજ નર્મદા કેનાલમાંથી આજે સવારે વધુ એક તરતી લાશ મળી આવી હતી. ગઈકાલે એક મહિલાનો મૃતદેહ મળ્યો હતો. જ્યારે આજે તે જ જગ્યાએથી ૨૫ વર્ષિય યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પોસ્ટમોર્ટમ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કડી તાલુકા વિસ્તારના નંદાસણ ખાતે રહેતો ૨૫ વર્ષિય યુવાન ચંદ્રકાન્ત દંતાણી ૧૦મી મે ના રોજ ઘરેથી ચોટીલા જવાનું કહીને ચાલ્યો ગયો હતો. ત્યારથી તેનો કોઈ જ સંપર્ક થયો ન હતો. ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ કરી હતી. તેમ છતાં તેના ક્યાંયથી સગડ મળ્યા ન હતા. દરમ્યાન આજે સવારના સુમારે ખોરજ નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ કરતાં આ મૃતદેહ નંદાસણના યુવાન ચંદ્રકાન્તનો હોવાનું બહાર આવતા તેના વાલીવારસને જાણ કરીને બોલાવી લેવામાં આવ્યા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી અડાલજ પોલીસે આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાની મહિલા પોલીસ અને મહિલા કંડક્ટર માટે સ્વબચાવનાં પ્રશિક્ષણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી દ્વારા તાજેતરમાં બે દિવસીય સ્વરક્ષણ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. સેક્ટર-૨૭સ્થિત ડી.એસ.પી. કચેરીનાં કેમ્પસમાં આવેલા પોલીસ તાલીમ ભવનનાંવિશાળ હોલમાં યોજાયેલ આ શિબિરમાં તાજેતરમાં નિમાયેલ મહિલા કન્ડક્ટર્સ સહિત જિલ્લાની મહિલા પોલીસને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલનાં વિશેષ પ્રયત્નોથી યોજાયેલા આ કાર્યક્રમનાં સંયોજક તરીકે સેક્ટર-૧૬ સ્થિત મહિલા પોલીસ સ્ટેશનનાં પી.આઈ. શ્રીમતી મીનાક્ષીબેન પટેલે સેવાઓ પ્રદાન કરી હતી.

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની ગાંધીનગર શાખાનાં શિક્ષકો સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા તથા સેનસાઈ શ્રી યોગેશ વિશ્વકર્મા દ્વારા અકેડમીનાં વડા ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. કરાટેની બેઝીક ટેક્નિક્સમાં પંચ, બ્લોક, કીકનુંપ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત જ્યારે કોઈ વ્યક્તિ પકડી લે ત્યારે તેની પકડમાંથી કેવી રીતે છૂટવું તેની વિવિધ અસરકારક ટેક્નિક્સ શીખવાડવામાં આવી હતી.

અંતિમ સત્રનાં પ્રારંભમાં શ્રી અરવિંદભાઈ રાણાએ કરાટેનું મહત્વ, લાભ અને આવશ્યકતા વિષય ઉપર સંક્ષિપ્ત વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે પોલીસ તેમજ કંડક્ટર તરીકે સેવાઓ આપનાર મહિલાઓએ તો કરાટે જેવી સ્વબચાવની કળા શીખવી જ જોઈએ પરંતુ આ કળા તો દરેક વ્યક્તિએ શીખવી જોઈએ તેમ કહી વધુમાં જણાવેલ કે પોલીસનું કામ તો દુર્ઘટના બન્યા પછી શરૂ થાય છે. જ્યારે કોઈ છેડતી કરે, જબરજસ્તી કરે ત્યારે તો મહિલાઓએ સ્વયં પ્રતિકાર કરી પોતાનું રક્ષણ કરવું પડે. આવા સમયે આવી કોઈ વિદ્યા જાણતા હોય તો જ પોતાનું રક્ષણ કરી શકે એટલે આ વિદ્યા તમામ મહિલાઓએ શીખવી જરૂરી છે. પોલીસ અનેઘરની બહાર વ્યવસાય અર્થે જતી મહિલાઓ માટેઆ વિદ્યા શીખવી અનિવાર્ય હોવાનું જણાવી તેમણે કહ્યું હતું કે દરરોજ અડધા કલાક જેટલો સમય આપણા શરીર માટે ફાળવવો જોઈએ. તેમાં થોડો વ્યાયામ અને કરાટે જેવી કળાનો થોડો અભ્યાસ નિયમિત કરતા રહેવાથી શરીર પણ સ્વસ્થ રહેશે અનેસ્વબચાવ કરવાની જરૂર પડશેત્યારે આપણેતૈયાર હોઈશું. અંતમાં પી.આઈ. શ્રીમતી મીનાક્ષીબહેને કરાટે શિક્ષકોનો આભાર માન્યો હતો. અંતમાં મહિલા પોલીસ અને મહિલા કંડક્ટર બહેનોએ પોતાના અભિપ્રાયો આપતાં જણાવ્યુંહતું કેઆ શિબિર તેમના માટે ખૂબ ઉપયોગી સિદ્ધ થશે. તેમણે આ પ્રકારના કાર્યક્રમો સમયાંતરે યોજાતા રહે અને સ્વબચાવ સંબંધિત વધારે જ્ઞાન મળતું રહે તે માટે પ્રયત્નો થાય તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં રસ્તાઓ મંજૂર થતાં ભાજપમાં હર્ષની હેલી

ગાંધીનગર, તા. ૧૫

સ્વર્ણિન ગુજરાતના સ્વપ્ન દ્રષ્ટા નરેન્દ્રભાઈ મોદી અને માર્ગ અને મકાન મંત્રી આનંદીબેન પટેલના પ્રયત્નથી ગાંધીનગર જિલ્લાના ત્રણ રસ્તાઓનું ડામક કામ રૂા. ૨.૨૭ કરોડની મંજૂરી મળેલ છે. (૧) બદપુરા-વરસોડા રોડ (૪ કિ.મી.) (૨) ગુનમા-હિમતપુરા રોડ (૪.૨ કિ.મી.) અને કલોલ તાલુકાના શેરથા રોડ ૨. કિ.મી. નું કામ મંજૂર થયેલ છે. ગાંધીનગર જિલ્લાના પ્રમુખ નૈલેષભાઈ શટલ તથા જિલ્લા પદાધિકારીઓ તથા કાર્યકોએ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મંત્રી આનંદીબેનનો આભાર વ્યકત કરેલ છે. કાર્યાલય મંત્રી નરસિંહભાઈ પરમારે જણાવેલ છે.

દાંતના રોગનું મફત નિદાન

રાજરતન મલ્ટી સ્પેશ્યાલિટી ઓરલ એન્ડ ડેન્ટલ કેરના ડૉ. મહેન્દ્રભાઈ જી. ચૌધરીએ જણાવેલ કે. સંસ્થાને એક વર્ષ પૂર્ણ કર્યા હોવાથી ૩૧ મે સુધી દાંતનું મફત ચેકઅપ દાંત, પેઢા અને જડબાના દુખાવાના રોગનું નિદાન મફત રાખેલ છે. રજીસ્ટ્રેશન મો. ૯૯૨૪૪૪૭૧૧ પર સંપર્ક કરવો.

સુંદરકાંડના પાઠ યોજાશે

ગોસ્વામી દિલીપભારતી અને બાલકિર્તનકાર ગોસ્વામી હિરલની વ્યાસ પીઠે સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન ૧૮મે ૨૦૧૩ને શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે શ્રી મા કાત્યાયની મંદિર, છતપુર દિલ્હી ખાતે યોજાશે. ભવ્ય સુંદરકાંડ પાઠનું લાઈવ ટેલીકાસ્ટ મા કાત્યાયની ચેનલ ઉપર કરવામાં આવશે. ભક્તજનોને પ્રેમભર્યુ આમંત્રણ પાઠવવામાં આવે છે.

સાહિત્ય ગૌરવ અર્પણ સમારોહ ૨૨મીએ અમદાવાદમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષાના જાણીતા હાસ્યલેખકશ્રી તારક મહેતાને વર્ષ-૨૦૧૧ માટેઅને જાણીતા સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માને વર્ષ-૨૦૧૨ માટે પ્રત્યેકને રૂ. ૧,૦૦,૦૦૦, શાલ અને સન્માનપત્રથી સાહિત્ય ગૌરવ પુરસ્કાર મંત્રીશ્રી રમણભાઈ વોરાના વરદહસ્તે અર્પણ કરવાનો સમારોહ તા. ૨૨-૫-૨૦૧૩ને બુધવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે એચ.કે. આર્ટસ કોલેજ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. સહુ સાહિત્યરસિકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

દહેજ માંગીને ત્રાસ આપનાર સાસરીયાઓ વિરૂદ્ધ ફરીયાદ

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ બ્લોક નં. ૩૦/૩માં રહેતી પરિણીતા મીનાબેન સંદિપભાઈ વાળંદે સે. ૭ પોલીસમથકે ત્રાસ આપનાર સાસરીયાઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી છે. દહેજની માંગણી કરીને શારીરિક-માનસિક ત્રાસ આપવા બદલ પતિ સંદીપ ચિમનભાઈ વાળંદ, સસરા ચિમનભાઈ શાંકાભાઈ વાળંદ, જેઠ તુષાર વાળંદ જેઠાણી દીપીકા વાળંદ વિરૂદ્ધ પરિણીતા મીનાબેને ફરીયાદ આપતા સે. ૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બિમાર બિનવારસી યુવાનનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૧૫

શહેરના એક રાહદારી વ્યક્તિએ ૧૩-૫-૧૩ના રોજ બપોરે ૧૨.૪૫ કલાકમાં ફોન કરી એક ૩૫ વર્ષીય બિમારીની હાલતમાં કણસતા વ્યક્તિને ગાંધીનગર હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. ત્યાંથી વધુ સારવાર અર્થે તેને તા. ૧૪-૫-૧૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. મૃતક શરીરે પાતળા બાંધાનો મોઢું લંબગોળ છે. તેની ઊંચાઈ ૫ ફૂટ ૨ ઈંચ છે. તથા શરીરે ગોળ ગળાની આડી લાઈનીંગવાળી ગુલાબી કલરની ટી શર્ટ અને કમરે લીલા કલરનું પેન્ટ પહેરેલ છે. મુતકના પરિવારજનોએ સેક્ટર-૭ પોલીસ મથકનો સંપર્ક કરવો.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા કોમ્પ્યુટર તાલીમ વર્ગ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ટાટા કન્સલ્ટેટીવ સર્વિસના સંયુક્ત ઉપક્રમે કોમ્પ્યુટર તાલીમ વર્ગનું આયોજન સેક્ટર-૨૪ સ્થિત એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે કરવામાં આવ્યું છે. નહેરુ યુવા કેન્દ્રના દિલ્હીના ડાયરેક્ટર પ્રભાકાન્ત દ્વારા રોજગારલક્ષી કોમ્પ્યુટર તાલીમ શિબિરનું ઉદ્‌ઘાટન તા. ૧૭મે ૨૦૧૩ને શુક્રવારના રોજ કરવામાં આવશે. તાલીમમાં ૧૩-૩૫ વર્ષના વયજૂથના યુવા ભાઈ-બહેનો પ્રવેશ મેળવી શકશે.

આ તાલીમમાં ટી.સી.એસ.ના તજજ્ઞો વિનામૂલ્યે ૧૦૦ કલાકની તાલીમ આપશે. તાલીમાર્થી ભાઈ-બહેનોને ટી.સી.એસ.ના માધ્યમથી નોકરીમાં પણ જોડવામાં આવશે. નહેરુ યુવા કેન્દ્ર દ્વારા દરેક જિલ્લામાં ૫૦ તાલીમાર્થીઓની બેંચ બનાવામાં આવી છે. દરેક વર્ગના સ્નાતક ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે તેમજ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને પર્સનાલીટી ડેવલપમેન્ટ, કોર્પોરેટ, એસકેટ, કોમ્યુનિકેશન સ્કીલ, બેઝીક કોમ્પ્યુટર સ્કીલ, ઈમેલ ઈન્ટરવ્યુ, પરફોમન્સ, સહિતના વિષયો પર તાલીમ આપવામાં આવશે. તાલીમમાં જોડાવા ઈચ્છુક ભાઈ-બહેનોએ નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર ૧૦/૧, ચ-ટાઈપ, સેક્ટર-૩૦ ખાતેથી વિનામૂલ્યે પ્રવેશ ફોર્મ મેળવી લેવું.

બાંધકામ શ્રમયોગીઓ માટેનું મોબાઈલ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્ર ગાંધીનગર ખાતે શરૂ કરાયું

(પ્રજ્ઞા પટેલ) ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકાર દ્વારા સર્વસમાવેશક વિકાસના ધ્યેયને કેન્દ્રમાં રાખીને અનેકવિધ નવતર પહેલ સાથેના કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. છેક છેવાડાના માનવીનો પણ સમુચિત વિકાસ થાય, તેના સુદ્ધી આદ્યુનિક યોજનાઓ-સુવિદ્યાઓ પહોંચે તે હેતુથી વિવિદ્ય કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યા છે. બાંદ્યકામ શ્રમયોગીઓ માટેની એક અત્યંત ઉપયોગી અને લાભદાયી એવી યોજના ગાંદ્યીનગર જિલ્લામાં આકારિત થઇ છે.

બાંદ્યકામ સંલગ્ન શ્રમ-વ્યવસાય સાથે સંકાળાયેલા શ્રમિકોને આદ્યુનિક ટેકનોલોજી સહિતની તાલીમ મળે તે માટે ગાંદ્યીનગર નજીકના ગિફ્ટ સિટી ખાતે મોબાઈલ-ઓનસાઈટ કૌશલ્યવર્દ્ધન તાલીમ કેન્દ્રનો -રંભ તાજેતરમાં કરવામાં આવ્યો હતો. આ તાલીમ વર્ગનો ઉદ્‌ઘાટન સમારોહ શ્રમ અને રોજગાર વિભાગ,રોજગાર-તાલીમ ખાતું અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સંયુકત ઉપક્રમે શ્રમ-રોજગાર અને જી મંત્રી શ્રી સૌરભભાઇ પટેલના હસ્તે યોજવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારની નવતર પહેલ રુપ આ તાલીમ વર્ગનું ઉદદ્યાટન કરતા શ્રમ-રોજગાર મંત્રી શ્રી સોરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, આજે સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતનું વિકાસ મોડેલ જાણીતું બન્યું છે. ત્યારે રાજયના તમામ ક્ષેત્રોના વિકાસ માટે રાજય સરકાર સંકલ્પબધ્ધ બની નવતર અભિગમ અમલમાં મુકી રહી છે. શિક્ષણ અને તાલીમ સતત ચાલતી -ક્રિયા છે .નવી ટેકનોલાજી -માણે અભ્યાસ-તાલીમમાં પરિવર્તન જરૂરી બને છે.ઉર્ધોગોના વિકાસ સાથે શ્રમયોગીઓને આધુનિક રીતે તાલીમથી સજ્જ બનાવવાની દિશામાં ગુજરાતે પહેલ કરીને બાંધકામ શ્રમીકો માટે ઓનસાઈટ-મોબાઈલ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રની શુભ શરૂઆત કરી છે.આ તાલીમ કોર્સ દ્વારા બાંધકામ શ્રમિકોને સાઈટ પર જ વિવિધ તાલીમ કોર્સ થકી વધુ સારી કુશળતા મેળવવાની સુવિધા મળી રહેશે- આજના સમયમાં આ અનિવાર્ય અને .ઉપયોગી તાલીમ સાબિત થશે. રાજય સરકારે શ્રમિકોના કલ્યાણને લક્ષમાં રાખીને અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે.

આ -સંગે શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પી.પનીરવેલે કૌશલ્યવર્ધન તાલીમ વર્ગની ભૂમિકા રજુ કરી જણાવ્યું હતું કે,રાજયમાં ૨૦ લાખ ઉપરાંત શ્રમિકો વિવિધ શ્રમ-વ્યવસાય સાથે જોડાયેલાં છે,તેમના કલ્યાણની ચિંતા કરીને રાજય સરકાર સતત -યત્નશીલ રહી છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર (દક્ષિણ) ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઇ ભાવસાર, રોજગાર- તાલીમ વિભાગના કમિશનર શ્રીમતી સોનલ મિશ્રા, બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સચિવશ્રી શ્રી એ.બી.પરમાર વગેરેએ -સંગીક વકતવ્ય આપ્યા હતાં. આ -સંગે શ્રમ-રોજગાર અને રોજગાર-તાલીમ ખાતાના અધિકારીશ્રીઓ, શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્યો, મહાનુભાવો, તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯

સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી) (અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦,૧૦.૧૫

છોટા ભીમ : ૧૨.૦૦

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૨.૧૫

બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦

આશિકી-૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગો ગોઆ ગોને: ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦

ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

ચિરાગ, કલોલ

આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજના બનશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મક અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. કમલદેવી જેશીંગ રાજપુત (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૧૬૬૬/૧, સેકટર૫/એ, ગાંધીનગર.
- સ્વ.રાજુજી ખોડજી ઠાકોર (ઉ.વ. ૩૬) મુ.પો. ભાઈજીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લવલેશબહેન દેવનારાયણ તિવારી (ઉ.વ. ૩૧)ટાઈપ-૩, ૧૧/૫, જીઈબી કોલોની, ગાંધીનગર.